# કાંકરેજ તાલુકાની બનાસ નદીના પટમાંથી રેતી ખનન કરી ચોરી કરતા સાત ડમ્પરો ઝડપાયા

ઉત્તર ગુજરાતમાં બનાસ નદીની રેતી ખુબજ ઉપયોગી સાબિત થઈ ગઈ છે. ત્યારે કાંકરેજ તાલુકાના ઉંબરી રાનેર ખાણ ખનિજ ખાતાના અધિકારીઓ દ્વારા ચેકીંગ દરમિયાન ઝડપી પાડી હતી અને કાયદેસર કાર્યવાહી હાથ ધરી ભરેલી જીજે-૨૪- એક્સ-૭૮૮, જીજે-૨૪-એક્સ-૫૫૮૮, જીજે-૨૪-વાય-૩૯૬૩, જીજે-૨૧-ટી-૪૩૭૯, જીજે-૨૪-એક્સ-



નદીના પટમાં તેમજ કંબોઈ રોડ પાસેથી સાત જેટલી રેતી ભરેલી ડમ્પરો અલગ અલગ જગ્યાએથી હતી. જેમાં રોયલ્ટી ઈન્સપેક્ટર શકિતદાન જે. ચારણ તથા સુપરવાઈઝર કે.ડી. ડાભીએ રેતી ૧૪૪૦, જીજે-૦૨-ઝેડઝેડ-૫૯૬૫, જીજે-૧૮-એઝેડ-૯૮૮૧ની ગાડીઓ સિઝ કરી શિહોરી પોલીસ સ્ટેશનમાં સુપરત કરી હતી અને એક ગાડી દીઠ રૂ સાત લાખથી માંડી બાર લાખ રૂપિયા જેટલો દંડ ફટકાર્યો હતો. ભુમાફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો ત્યારે સતત રાત દિવસ બનાસ નદીના વહેણની અંદર રેતીનું ખનન કરી સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીનો ચૂનો લગાવે છે ત્યારે ખાણખનિજ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આવા રેતી ચોરી કરતા વાહનો ઝડપી પાડી એક કરોડ રૂપિયા ઉપરાંતનો દંડ વસૂલ કરવામાં આવશે. એક તરફ ખેડૂતો માટે પાણીની સમસ્યાઓ દૂર કરવા સરકારે નદીમાં પાણી છોડવામાં કવાયત હાથ ધરી છે ત્યારે બીજી તરફ ભુમાફિયાઓ દ્વારા પાણી બંધ કરી પોતે રાત દિવસ રેતી ચોરી કરી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા કરવામાં આવેલ કામગીરીને લોકો બિરદાવી રહ્યા છે.

## પાલનપુરના બાલાજી પાર્કમાં શિવ પરિવાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ત્રિ-દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં લઘુરુદ્રી અને શોભાયાત્રા. પાલનપુરના ડીસા હાઈવે સ્થિત બાલાજી પાર્ક સોસાયટી પરિવાર દ્વારા સોસાયટીમાં નવીન શિવાલય બનાવવામાં આવ્યું છે. જે મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ત્રિ- દિવસીય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં આજે શોભાયાત્રા યોજાઈ હતી. પાલનપુરના બાલાજી પાર્કમાં શિવ પરિવાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ત્રિ-દિવસીય કાર્યક્રમમાં લઘુરુદ્રી યજ્ઞ સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. જેમાં આજે શોભાયાત્રા બાદ મૂર્તિનો મંડપ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. જાણીતા જ્યોતિષાચાર્ય શાસ્ત્રી બાલકૃષ્ણજી ત્રિવેદીના આચાર્યપદે પ્રકાંડ પંડિતો દ્વારા સમગ્ર ધાર્મિક મહોત્સવનું આયોજન કરાયું છે.




**ડો. પ્રિયંકા રેડ્ડીને શ્રદ્ધાંજલી અર્પવા ડીસા યુથ સંગઠન દ્વારા કેન્ડલ માર્ચ**

સમગ્ર ભારતને ઢંઢોળી નાખનાર હેદરાબાદના ડો. પ્રિયંકા રેડ્ડી મર્ડર કેસના ડીસા શહેરમાં પણ ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા છે.આ ચકચારી ઘટનાનો વિરોધ કરવા અને ડો. રેડ્ડીને શ્રદ્ધાંજાલિ આપવા રવિવારે સાંજે ડીસા ખાતે યુથ ક્લબ ઓફ ડીસા દ્વારા કેન્ડલ માર્ચ યોજાઇ હતી.બે દિવસ પહેલા હેદરાબાદના રંગારેડ્ડી જિલ્લામાં વેટનરી ડોક્ટર પ્રિયંકા રેડ્ડી સાથે ચાર નરાધમોએ કુકર્મ આચર્યા બાદ તેણીની હત્યા કરી મૃતદેહને સળગાવી દીધો હતો.આ ચકચારી ઘટનાના દેશભરમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા છે અને દેશભરમાં ડો. રેડ્ડીને ભાવભરી શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે ત્યારે રવિવારે સાંજે ડીસા યુથ ક્લબના અધ્યક્ષ ફુલદીપ સોલંકીની આગેવાનીમાં પણ કેન્ડલ માર્ચ યોજી દિવંગત ડો.રેડ્ડીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ કાર્યક્રમમાં ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિના પ્રમુખ વસંતભાઈ ગોસ્વામી, વિશ્વ હિન્દુ પરિષદના અશોકભાઈ ખત્રી, જયેશભાઈ દેસાઈ, જગદીશભાઈ સોલંકી, પ્રીતેશભાઈ શર્મા સહિત ડીસાના નવયુવકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કેન્ડલ માર્ચ યોજી ડો. રેડ્ડીને શ્રદ્ધાંજલિ આપી આ ઘટના સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

# કાંકરેજમાં વાતવરણ પલટાતાં ઉંબરી ગામે ઝાડ પડતા ત્રણ ભેંસોના મોત

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકામાં ગઈકાલ બપોર બાદ આકાશમા વાતાવરણ પલટાતાં અચાનક વાવાઝોડા સાથે ભેંસોની અંદાજે એક લાખ રૂપિયાનુ નુકશાન થવા પામ્યું હતું. વાવાઝોડાના કારણે પીંપળાનુ અને લીમડાનું ઝાડ પડતા ભેંસો મૃત્યુ



વરસાદ આવતા ઉંબરી ગામે ઝાડ પડતા ત્રણ ભેંસોના મોત થયા હતા. ઉંબરી તલાટી બનેસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે બપોરે પછી અચાનક આવેલા વાવાઝોડામા ત્રણ ભેંસોના મોત થયા હતા. તેમાં અંદાજિત દોઢ લાખ રૂપિયાનુ નુકસાન થવા પામ્યું હતું. જ્યારે વનુભા લક્ષમણસિંહ વાઘેલાની ૨ પામી હતી અને બીજી ૧ ભેંસ દુદુભા રેખજી વાઘેલા રહે, ઉંબરીની ભેંસની અંદાજીત પચાસ હજારની કિંમતની ભેંસ મૃત્યુ પામી હતી. એમ ઉંબરી ગામે ત્રણ ભેંસો મોતને ભેટી હતી ત્યારે આ પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. ઉંબરી ગામના પ્રભાતસિંહ વાઘેલાના ઘરનાં પતરા ઉડયા હતા.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે શિક્ષકોનો ધરણાં કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે શિક્ષકોનો ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના મંત્રી પ્રાગજીભાઈ પટેલ સહિત કાંકરેજ તાલુકા શિક્ષણ સંઘ પ્રમુખ તરીકે જગમાલભાઈ જોષી દ્વારા શિક્ષકો માટેની સમસ્યાઓ વિશે અને પડતર પ્રશ્નો અંગે ધરણાં સહીઓ કરી દીધી હતી. કાર્યક્રમ શરૂ થયો હતો જેમાં સરકાર સામે રજૂઆત કરવા માટે અને આક્ષેપબાજી કરી હતી. આશરે ૭૦ થી ૮૦ જેટલાં શિક્ષકોએ



પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે ચમનભાઈ વાઘેલા અને કાર્યક્રમ યોજાયો હતો. જોકે ખરેખર ખુબજ મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે એમને પોતાના પગે બુટ ચપ્પલ પહેરીને પણ ધરણાં કાર્યક્રમમાં બેઠેલા નજરે પડયા હતા. પ્રથમ વખત એક શિક્ષકને અને એક પ્રમુખ તરીકે ધારાસભ્ય અને એમપીને તું તારી જેવા શબ્દોનું ઉચ્ચારણ કરવું જોઈએ તે ખરેખર કેટલું યોગ્ય રીતે ગણાય છે પરંતુ રજીસ્ટર નિભાવવા માટે ધરણાં કાર્યક્રમમાં બેઠેલા શિક્ષકો અને કોઈ શિક્ષિકા તરીકે પહેલેથી જ ઉપસ્થિતિ નહોતી પણ હાજરી રજીસ્ટર નિભાવવા માટે એમની કાંકરેજ તાલુકા પંચાયત કચેરીથી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં કાંકરેજ નાયબ મામલતદાર તરીકે બી.એસ. સોલંકીએ આવેદનપત્ર લઈ સરકાર સુધી પહોંચાડવા ખાત્રી આપી હતી. ખરેખર ખુબજ મોટી વાત એ હતી કે શિક્ષકો પોતાની વ્યક્તિગત રીતે મનમાની કરી જાહેર કાર્યક્રમમાં જૂતાં પહેરી બેસી ગયા હોય તો આમ પ્રજા અને લોકો ઉપર કેવી અસર થાય ? એટલે શિક્ષકો પોતાની માંગણીઓ સંદર્ભે સ્પષ્ટતા કરી હાથમાં પોસ્ટર પ્રદર્શન કરી પોતાના હકક માટે દેખાવો કર્યા હતા.

# પ્રાંતિજના સોનાસણ-સોનગઢ ખાતે ખેડૂત પિતા અને બે પુત્રોને ભમરા કરડતા પિતાનું મોત

પ્રાંતિજ તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાતિજ તાલુકાના સોનસણ પાસેના સોનગઢ ગામે આજે સવારે એક ખેડૂત તેના બે પુત્રો સાથે ખેતરે જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં એક ઝાડ નીચેથી પસાર થતી વેળા ભમરાઓએ ત્રણેને ડંખ મારતા છોકરાઓએ બુમરાણ કરી મૂકી હતી. જેથી આજુબાજુથી તેમજ ગ્રામજનોએ દોડી આવી સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘાયલ પિતાનું મોત નિપજ્યું હતું. તો ઈજાગ્રસ્ત બંને પુત્ર ને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સોનગઢમા રહેતા મંગાજી વજાજી પરમાર રવિવારે સવારે ખેતરમાં વાવણીના કામ માટે જતા હતાં. તેમની સાથે તેમના બે પુત્રો દીપકકુમાર તથા પવનકુમાર પણ હતા. દરમ્યાન ખેતર નજીક ઝાડા નીચેથી પસાર થતા હતા ત્યારે અચાનક કોઈ પક્ષીએ ઝાડ પરના ભમરાના પૂડાને છંછેડતા ભમરાઓ ઝાડ નીચેથી પસાર થતા પિતા અને બંને પુત્રો ઉપર તૂટી પડી અસંખ્ય ડંખ માર્યા હતાં.જેથી પિતા - પુત્રોએ બુમાબુમ સાથે દોડધામ મચાવી હતી. '' બચાવો..બચાવો " નીબૂમો સાભળી આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. અને પરિવારજનોને જાણ કરતા ગ્રામજનો સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ઘાયલ પિતા પુત્રોને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી વાહનમાં હિંમતનગર સિવિલમાં ખસેડ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન પિતા મંગાજી પરમારનુ મોત નિપજ્યું હતું. તો સારવાર અર્થે દાખલ મોટો પુત્ર દીપક ગંભીર હોવાને લઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. તો નાનો પુત્ર પવન હાલ સિવિલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાને પગલે ગામમાં શોકની લાગણી પ્રવર્તે. છે.



**કાંકરેજ તાલુકાના ભારતીય કિસાન સંઘના ખેડૂતોએ આપ્યું આવેદનપત્ર**

૫૦ હોર્સપાવરથી વધુ બોર હોય તેવા ખેડૂતોને સબસીડી આપવી, વિજબીલમાં ૫૦ ટકા ઘટાડો કરવો, કાંકરેજમાં બોરના પાણીના તળ ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઉંડા હોવાથી ખેડૂતો માટે બનાસ નદીમાં તાત્કાલિક ધોરણે પાણી છોડવામાં આવે, બોર ઉપરથી મીટર પ્રથા બંધ કરવી તેમજ ખેતી પાકોમાં પોષણક્ષમ ભાવો આપવા જેવી બાબતો ધ્યાનમાં લઈને આજે ૫૦ જેટલા ખેડૂતોએ સર્કિટહાઉસ શિહોરીથી રેલી કાઢી હતી અને મુખ્ય બજાર થઈ કાંકરેજ મામલતદાર કચેરીમાં પહોંચી હતી અને જય જવાન જય કિસાનના નારા લગાવી ખેડૂતોની માંગો પુરી કરો તેમજ સરકાર પોતાના વચનોથી ફરી ગઈ હોવાનું જણાવ્યું હતું એટલે હવે કિસાન સંઘના પ્રમુખ વાઘાભાઈ પટેલ.મંત્રી મફાભાઈ દેસાઈ, અરવિંદભાઈ ગોહિલ પ્રમુખ શક્તિ પીઠ શિહોરી ભારતીય જનતા પાર્ટી સહિતના અનેક ખેડૂતો રેલીમાં જોડાયા હતા અને ખેડૂતોની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા કાંકરેજ મામલતદારએ ખાત્રી આપી હતી. જોકે ચાલુ વરસાદ હોવા છતાં પણ ખેડૂતો પોતાની માંગોને લઈ સરકાર સામે કોઈ પણ ભોગે લડી લેવાના મૂડમાં દેખાયા હતા.

# સાબકાંઠાના વડાલી સર્કિટ હાઉસમાં પત્રકાર એકતા સંગઠનની મીટીંગ યોજાઈ

ગુજરાત રાજ્યના પત્રકાર એકતા સંગઠનની મીટીંગ વડાલી સર્કિટ હાઉસમાં ઝોન પ્રભારી અંબારામભાઈ રાવલની નારદજી દેવ લોકોનું પત્રકારત્વમાં કામ કરતા હતા ત્યારે હવે આધુનિક યુગમાં એટલુ જ જરૂરી છે. પત્રકારત્વમાં ત્યારે પત્રકાર એકતા સુરક્ષા માટે માંગણીઓ સંદર્ભે સ્પષ્ટતા કરવામાં આવશે. ગુજરાત પત્રકાર એકતા સંગઠનની મીટીંગ પાટણ જીલ્લા ખાતે સર્કિટ હાઉસમાં



અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સાબરકાંઠા, બનાસકાંઠા, મહીસાગર, અરવલ્લી જિલ્લાના ઝોન કોડીનેટર ઝોન સહ પ્રભારી ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લાના ઝોન કોડીનેટર ગોવિંદભાઈ ખરાડી, મનોજ રાવલ, અરવલ્લી વિપુલસિહ સોલંકી, મોહસિન મેમણ, લક્ષ્મણ ઠાકોર, ધીરુભાઈ પરમાર ખેડબ્રહ્મા, કિરણ ખાંટ, સતીષ પરમાર મુદ્રા, હર્ષદકુમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહીસાગર જિલ્લાના ઝોન કોડીનેટ ર ભૂેન્દ્રસિંહજી સોલંકી કોઈ કારણસર ઉપસ્થિત રહ્યા ન હતા. પ્રથમ વખત સંગઠનના પ્રમુખ લાભુભાઈ કત્રોડીયા અને સલીમ બાવાનીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં ૧૦ જેટલા ઝોન જાહેર કરવામાં આવ્યા હતા ત્યારે દરેક જિલ્લામાં પ્રમુખ સહિત અન્ય હોદ્દેદારોની મીટીંગ કરી નિમણુંક આપવામા આવે છે. સરકારના નિયમો મુજબ માહિતી માટે અને પત્રકારો માટે અલગ કાનૂન અને સરકાર દ્વારા પત્રકારોને સરકારી લાભો મળે અને અમુક સમયે ખોટા કેસો નોંધાયા છે ત્યારે ખરેખર હવે પત્રકારોને જાગવાનો વારો આવ્યો છે અને સરકાર સામે રજૂઆત કરી પત્રકારો માટે અલગ કાયદો વ્યવસ્થા વીમો, ૮-૧૨-૨૦૧૯ના રોજ સવારે દસ વાગ્યે રાખેલ છે, ત્યારે ઝોન ૯ની મીટીંગ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના રણાવાડા જાગીરમાં મોમાઈ માતાજી મંદિરના પરિસરમાં યોજાશે તેમ વડાલી સર્કિટ હાઉસ મીટીંગમાં નકકી કરવામાં આવ્યું હતું. જેમાં પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ લાભુભાઈ કાત્રોડીયાએ લીલી ઝંડી આપી હતી. ગુજરતના પત્રકારત્વમાં નવો વળાંક લીધો છે અને હવે સરકાર સામે બાંયો ચડાવીને હકક માટે દેખાવો શરૂ કરી પત્રકાર એકતા સંગઠન માળખું મજબૂત બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

# ભાવનગરમાં સર્કિટ હાઉસમાં પત્રકાર એકતા સમિતીની મિટિંગ યોજાઈ

પત્રકાર એકતા સંગઠન માળખું તૈયાર કરી મજબૂતાઈપૂર્વક પત્રકારત્વમાં રાત દિવસ જોયા વગર સતત લોકહિત માટે ઉપયોગી સાબિત થાય છે. તે પત્રકાર એકતા માટે ગુજરાત રાજ્યના વરિષ્ઠ પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ લાભુભાઈ કાતરોડિયા. પત્રકારત્વમાં એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા એવા સલીમ બાવાની અને જુદા જુદા ઝોન પ્રભારી સહિત સમગ્ર ગુજરાતમાંથી દરેક જિલ્લામાંથી પ્રમુખો અને ઉપપ્રમુખો અને નેશનલ અને લોકલ ચેનલો સહિત સાપ્તાકિના અને દૈનિકના તંત્રીઓ અને મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે પ્રથમ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યના પત્રકાર એકતા સંગઠનના પ્રમુખ અધ્યક્ષ તરીકે લાભુભાઈનું સ્વાગત કર્યું હતું જેમાં સંગઠન માળખું તૈયાર કરવામાં માહિર સલીમ બાવાનીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં ઝોન પ્રભારી અંબારામ રાવલનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. ઝોન પ્રભારી હરજી બાવળીયાનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું.

સંગઠન માળખું મજબૂત બનાવવા માટે મોટી સંખ્યામાં પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. સાચુ પત્રકારત્વ સરકારના બની બેઠેલા નેતાઓના કાન ખોલવા માટે અને સરકારની આંખ ખોલવા માટે ઉપયોગી છે. સત્ય ઉજાગર કરતો પત્રકાર માટે ગુજરાત પત્રકાર એકતા સંગઠનની આન-બાન-શાનથી મીટીંગ યોજાઈ હતી. જર્નલિસ્ટ માસ્ટર ડિગ્રી ધરાવતા અને ફિલ્ડ રિપોર્ટર માટે ઉપયોગી જ્ઞાન આપ્યું હતું. પત્રારત્વમાં સતત લોકહિત માટે મહેનત કરતા પત્રકારો માટે અલગ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સરકાર સામે રજૂઆત કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવશે.

# કાંકરેજ તાલુકાના આકોલી પગાર કેન્દ્ર શાળામાં ગુરૂઓ દ્વારા પ્રીતિ ભોજન અપાયું

કાંકરેજ, તા. ૧

પવિત્ર શ્રાવણ મહિનામાં લોકોને દાન પૂર્ણય કરવાનો અનેરો ઉત્સાહ જોવા મળે છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના આકોલી પગાર કેન્દ્ર શાળાના આચાર્ય બળવતજી દૂધેચા તેમજ સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી પ્રતિક્રિયા મેળવી સમૂહમાં ૮૦૦ જેટલા બાળકો માટે દાળ ભાત મોહનથાળ પુરી પાપડનું ભાવતું ભોજન પીરસવામાં આવ્યુ હતુ અને ગુરૂની દરેક શિક્ષકોએ પોતાની ફરજ બજાવી હતી. જોકે શ્રાવણ મહિનો એ ધાર્મિક મહત્વ ધરાવે છે અને પછી વ્રત પૂજા થાય છે ત્યારે આકોલી પે. કેન્દ્ર. શાળામાં સ્ટાફ પરિવાર તરફથી પ્રીતિ ભોજન આપતાં આકોલી ગ્રામજનોએ શાળા પરિવારની પ્રશંસા કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો. મધ્યાનભોજન સંચાલક વિનુભા વાઘેલાએ પણ સહયોગ આપી મદદરૂપ થયા હતા અને એક નવી પેઢી ને પ્રીતિ ભોજનનો સંદેશો આપ્યો હતો ત્યારે ધન્ય છે આવા શિક્ષક તરીકે કામ કરી પોતાની પાસે પરોપકારી અને ઉદારતા દાખવી વિદ્યાર્થીઓનો પ્રેમભાવ વધારો કરવાના ભગીરથ કાર્ય કર્યું હતું એટલે આ એક નવું સ્વરૂપ ધારણ કરી ગુરૂ મહારાજ ખુદ પોતાના ચેલા વિદ્યાર્થીઓ માટે એક નવો વળાંક આપવા ઉત્સાહિત કરવાની પ્રેરણા આપી હતી.



શ્રી યોગીજી મહારાજ હાઈસ્કૂલ રાજપુર તા. કડી ખાતે વી કેર ફાઉન્ડેશન દ્વારા પ્રાયોજીત કાર્યક્રમમાં જે.સી. પટેલ દ્વારા વિદ્યાર્થી મિત્રો માટે યોગા, મેડીટેશન અને મેમરીનો સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમાં લાયન્સ ક્લબના પ્રમુખ કે.પી. પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાની મુલાકાતે ઉત્તાર ભારતનો ખૂંખાર ડાકુ પંચમસિંઘ

મોડાસા, તા. ૧

ભારતના ઈતિહાસમાં વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિના નામથી તો સૌ કોઈ પરિચિત છે પણ આવો જ એક ચહેરો આજે ભારતમાં છે કે જે ડાકુ પંચમસિંહથી રાજયોગી તરીકે ઓળખાઇ રહ્યા છે. ખૂંખાર ડાકુમાંથી રાજયોગી બનેલા પંચમસિંઘે અને બ્રહ્મકુમારી સંસ્થાના સહયોગથી મોડાસા શહેરના બીબીએ, બીસીએ અને એમ.એસ.સી. આઈ.ટી કોલેજના વિદ્યાર્થીઓ માટે ઈશ્વરિય રાજયોગનો સેમિનાર કરી તમામ વિદ્યાર્થીઓને જીવન એક નવા માર્ગ અંગે જાગૃત કર્યા હતા.




ડાકુ પંચમ સિંઘનો જન્મ ૧૯૨૨માં થયો હતો અને ૩૬વર્ષની ઉંમરે ડાકુ બનીને ૧૪વર્ષ સુધી ૫૫૬ ડાકુઓના સરદાર બનેલા પંચમસિંહ ચૌહાણનું પરિવર્તન સન ૧૯૭૨માં દિલ્હીમાં સમર્પણ કરી ૧૯૭૩માં વાલિયા લૂંટારામાંથી વાલ્મીકિ બન્યા હતા. જે ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં ડાકુની ધાક જમાવી રાખી હતી ૧૨૫ હત્યા તેમજ બે કરોડનું ઈનામ ધરાવનાર ડાકુ હાલમાં રાજયોગી તરીકે જાણીતો બન્યો છે. ડાકુ પંચમસિંહ નામ જ સમગ્ર ઉત્તર ભારતમાં ભય ફેલાવવા માટે પૂરતું હતું પરંતુ અધ્યાત્મના માર્ગે હાલમાં ૯૮ વર્ષની ઉંમરે પણ અડીખમ ઉભા છે.

બાળપણથી જ ગામમાં અન્યાયની સામે હથિયાર ઉઠાવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ડાકુની ગેંગના મુખ્યસરદાર બન્યા બાદ હત્યા થકી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ઉભો કર્યો હતો જેના પગલે સરકારે પણ આ મુદ્દે ગંભીરતા દાખવી પંચમસિંહની અટકાયત કરી તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરી ફાંસીની સજા આપી હતી. જોકે તત્કાલીન રાષ્ટ્રપતિએ પંચમસિંહમાં આવેલા પરિવર્તનને પગલે તેમની દયાની અરજી સ્વીકારી તેમને મુક્ત કર્યા હતા. ત્યારબાદ પંચમસિંઘ પોતાના જીવનમાં અમૂલ્ય પરિવર્તન લાવી બ્રહ્માકુમારી ઐશ્વર્ય સંસ્થા દ્વારા ભારતની ૪૦૦થી વધારે જેલોમાં અધ્યાત્મ અંગેની વાત કરી હતી તેમજ માનવીના મનની સ્થિતિ સમજાવી માનવીને ઉર્ધ્વગામી જીવન બનાવવા સેમિનાર યોજાઈ રહ્યા છે જેના પગલે મોડાસા બીબીએ, બીસીએ અને એમ.એસ.સી. આઈ.ટી કોલેજના વિદ્યાર્થીઓ સાથે બદલાવવાની તેમજ બદલવાના પ્રયાસો થકી આવેલા પરિવર્તનની પણ વાત કરી હતી જોકે તેમણે એમ પણ જણાવ્યું હતું કે ૧૨૫ હત્યા કર્યા બાદ પણ જો પંચમ સિંઘ પોતાનું જીવન બદલી શકતો હોય તો આપના માં બેઠેલા કોઈપણ પણ વ્યક્તિ પણ પોતાનું જીવન બદલી શકે છે... આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના મંત્રી સુરેન્દ્રભાઈ શાહ, એમ.એસ.સી. આઈ.ટી.ના પ્રિન્સિપાલ પરિમલ શાહ અને બી.બી.એ. કોલેજના પ્રિન્સીપાલ ડો.તુષાર ભાવસાર, બ્રહ્માકુમારી મોડાસાના ઈન્દિરાબેન, પરીન જોશી દ્વારા કરી સમાજને ફરી વાલિયા લુંટારામાંથી વાલ્મીકિ બનેલા પંચમસિંહની આત્મકથા સાંભળીને સમાજને એક ઉદાહરણ પૂરું પાડયું હતું.